**મે.અમદાવાદ ખાતેનાં મજુર અદાલતનાં એડી.ચીફ જયુડી. મેજીસ્ટ્રેટની કોર્ટમાં, મુ.અમદાવાદ.**

**ફોજદારી કેસ નં.૨૩૧૭/૨૦૨૫**
**આંક–૯**

**ફરીયાદી :–** **સરકાર વતી – શ્રી જી.આર.ટાંક**
બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વકર્સ એકટ હેઠળના નિરીક્ષક
૩,૪ અને ૫ મો માળ, શ્રમ ભવન, ખાનપુર,અમદાવાદ

**વિરુધ્ધ**

**આરોપી :–** (૧) **લાખાણી એન્જીનીયર્સ એન્ડ ઓર્ગેનાઈઝેશન – સંસ્થા**
હે. ૭/૪૮૫૩–૪૫૮૮, ત્રીજો માળ, ઝાપાન માર્કેટ,
ડાંગી શેરી–૧, બેલજીયમ ટાવર પાસે, દિલ્હી ગેટ, સુરત.
(૨) **શ્રી અલ્પેશભાઈ લાખાણી – એમ્પ્લોયર**
હે. ૭/૪૮૫૩–૪૫૮૮, ત્રીજો માળ, ઝાપાન માર્કેટ,
ડાંગી શેરી–૧, બેલજીયમ ટાવર પાસે, દિલ્હી ગેટ, સુરત.

**ગુન્હો :– ધી બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કસ એકટ હેઠળ શિક્ષાને પાત્ર ગુન્હા બાબત**

---

**ફરીયાદી તરફે** :–
**આરોપીઓ તરફે** :– **વિ.વ.શ્રી એ.એસ.પરીખ**

---

**–: હુ ક મ :–**

(૧) ફરિયાદપક્ષનાં કેસની હકીકત ટુંકમાં એવી છે કે, આ કામના ફરિયાદી **ધી બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કસ એકટ–૧૯૯૬ ની કલમ–૪૭** નીચે નિરીક્ષક તરીકે નિમાયેલા છે. આ કામનાં ફરિયાદીએ આરોપી સંસ્થાની બાંધકામની સાઈટની મુલાકાત લેતા, સદરહુ આરોપીઓએ ધી બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કસ એકટ–૨૦૦૩ **નિયમ–૮૪** ની જોગવાઈના ભંગ બદલ ધી બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કસ એકટ–૧૯૯૬ ની અધિનિયમ હેઠળનો શિક્ષાપાત્ર ગુનો કરેલ હોવાની લેખિત ફરિયાદ શ્રી સરકારી અધિકારીએ કોર્ટ સમક્ષ રજુ કરેલ છે.

(૩)હાલની ફરિયાદ અત્રેની અદાલત ધ્વારા આ કામનાં આરોપીઓને સમન્સ કરતા, આરોપી સંસ્થા વતી આરોપીઓનાં ઓથોરાઈઝડ પરસન **શ્રી તિમ્બાડીયા ચિરાગ દલસુખભાઈ** જાતે અત્રેની અદાલત સમક્ષ હાજર થયેલ છે અને તેઓનો ઓથોરીટી લેટર રજુ કરેલ છે, ત્યારબાદ તેઓને વિના મુલ્યે કેસ પેપર્સની નકલો પુરી પાડવામાં આવેલ, ત્યારબાદ તેઓની પ્લી લેવામાં આવેલ, જેમાં તેઓ ગુનો કબુલ કરે છે અને કબુલાત પુરસીસ પણ રજુ રાખેલ છે અને તેઓનો/સંસ્થાનો પ્રથમ ગુનો હોય દરગુજર કરવા તેમજ ભવિષ્યમાં આવો ગુનો ફરીથી નહીં કરે તેવી ખાત્રી આપેલ છે અને આ તેનો પ્ર થમ ગુનો હોય રહેમ રાખી ઓછામાં ઓછી શિક્ષા કરવા અરજ કરેલ છે.

(૪) હાલનાં કામે તહોમતદારોનાં ઓથોરાઈઝડ પરસન **શ્રી તિમ્બાડીયા ચિરાગ દલસુખભાઈ** ગુનાની કબુલાત પુરસીસ રજુ કરતાં આરોપીઓને સમજાવવામાં આવેલ કે તેઓ ગુન્હો કબુલ કરવા બંધાયેલ નથી અને તેઓ ગુન્હો કબુલ કરશે તો આવી કબુલાત તેઓ વિરૂધ્ધ પુરાવા તરીકે ઉપયોગમાં લેવાશે,

આમ છતાં તેઓ તમો તહોમતદારો વતી હાલનો ગુનો કબુલ કરતાં હોવાનું જણાવે છે, ત્યારબાદ તમામ તહોમતદારો વતી તેમનાં ઓથોરાઈઝડ પરસન **શ્રી તિમ્બાડીયા ચિરાગ દલસુખભાઈની** પ્લી રેકર્ડ કરવામાં આવતા તેમાં પણ તેઓ આ કામે તહોમતદાર કંપનીનાં ઓથોરાઈઝડ પરસન તરીકે હાલનો ગુન્હો કબુલ હોવાનું જણાવેલ છે. આમ, આ કામે તહોમતદાર કંપની તેમનાં ઓથોરાઈઝડ પરસન વતી સ્વૈચ્છિક રીતે પોતાનો ગુન્હો કબુલ કરતા હોવાનું જણાય છે.

(૫) ઉપરોકત રજુઆત તથા કેસની હકીકત તથા કાયદામાં કરવામાં આવેલ સજાની જોગવાઈ ધ્યાનમાં લેતાં, આ કામે તહોમતદારો તે કંપનીનાં જવાબદાર અધિકારી હોય, તેમજ તેઓ સ્વેચ્છાપુર્વક રાજી ખુશીથી હાલનો ગુનો તેમનાં ઓથોરાઈઝડ પરસન મારફતે કબુલ રાખતા હોય, હાલનાં તહોમતદારને શિક્ષાત્મક સજા કરવાને બદલે દંડાત્મક શિક્ષા કરવામાં આવશે તો ન્યાયના હેતુ જળવાઈ રહેશે તેવું અત્રેની કોર્ટનું માનવું છે. સવિશેષ નામ.ગુજરાત હાઈકોર્ટ ધ્વારા સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરચંદજી ઠાકોર રીપોર્ટેડ ઈન ૨૦૦૫(૧) જી.એલ.આર. પાનું–૭૦૯ નાં ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને લક્ષમાં લેતાં, હાલનાં આરોપીઓ વિરૂધ્ધ ગુનો સાબિત થયેલ છે તેમજ તેઓની રજુઆતને ધ્યાનમાં લઈ નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**<u>––:: હુ ક મ ::––</u>**

(૧)સદર કામે આરોપીઓને ક્રિ.પ્રો.કો.કલમ–૨૫૨ અન્વયે ધી બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કસ રૂલ્સ–૨૦૦૩ ના **નિયમ–૮૪** ના ભંગ બદલ ધી બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કસ એકટ–૧૯૯૬ ની **કલમ– ૪૭** હેઠળ તકસીરવાન ઠરાવીને આરોપીઓને નિયમ ભંગ બદલ રૂા.૨,૦૦૦/– લેખે બે આરોપીઓના કુલ **રૂા.૪,૦૦૦/– (અંકે રૂપિયા ચાર હજાર પુરા)** નો દંડ, અને જો દંડ ન ભરે તો દિન–૩૦ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીઓના ઓથોરાઈઝ પરસન **શ્રી તિમ્બાડીયા ચિરાગ દલસુખભાઈ** દંડની રકમ ભરવાનો કસુર કરે તો તેઓએ એક માસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

(૩) આરોપીઓએ જરૂરી નિયમોની ક્ષતિની પુર્તતા કરી દિન–૩૦ માં સંબંધિત કચેરીને જાણ કરવી.

(૪) આરોપીઓએ ભરેલ દંડની રકમ સરકારશ્રીમાં જમા કરવી.

આ હુકમ આજરોજ તા.૧૩/૧૨/૨૦૨૫ નાં રોજ અત્રેની કોર્ટમાં સ્પેશ્યલ સીટીંગ દરમ્યાન વાંચી સંભળાવી, સહી કરી જાહેર કરવામાં આવે છે.

તારીખ–૧૩–૧૨–૨૦૨૫
સ્થળ: અમદાવાદ

**(અબ્બાસમીયા મહંમદમીયા શેખ)**
**CODE : GJ01031**
**એડિશનલ ચીફ જ્યુડિશ્યલ મેજીસ્ટ્રેટ,**
**ન્યાયાધીશ (સિનિયર ડિવીઝન)**
**લેબર કોર્ટ, અમદાવાદ.**

NARENDRA PATEL P.A.